**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૦ નવેંબર ૨૦૦૮**

## ભાજપ નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે ૧૦ નવેંબર ૨૦૦૮ના નાશિક ખાતે પત્રકાર પરિષદ માં વિતરીત કરેલ નિવેદન

----------------

## ડિઝલ,પેટ્રોલ અને ગેસના ભાવ ઓછા કરો : રામ નાઈક

**નાશિક, સોમવાર :** "પાછલા સોળ વર્ષ માં સહુથી વધુ વધેલ મોંઘવારી અને તેની સાથે જ દેશમાં આવેલ આર્થિક મંદીને કારણે સામાન્ય માણસ અક્ષરશ: ભીંસાઈ રહ્યો હોઈ જીવન અસહ્ય થઇ રહ્યું છે.આ પરિસ્થિતીને વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ ની કોંગ્રેસ આગેવાની ની સરકાર જ જવાબદાર છે.આંતરરાષ્ટ્રીય બઝાર માં કાચા તેલ(ક્રુડ ઓઈલ) ના ભાવો ઘણાં ઓછા થયા હોઈ વધતી મોંઘવારીનો ભાર ઓછો કરવા પેટ્રોલ ૫ રૂ.પ્રતિ લિટર,ડિઝલ ૩ રૂ.પ્રતિ લીટર અને રાંધણ ગેસ ૫૦ રૂ. પ્રતિ સિલિંડરે ઓછા કરવામાં આવે" એ મુજબની માગણી માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે નાશિક ખાતે પત્રકાર પરિષદમાં કરી છે.

આ સંદર્ભે વિસ્તારપૂર્વક બોલતાં શ્રી રામ નાઈકે કહ્યું કે," મોંઘવારીના દુષ્ચક્રને પેટ્રોલ-ડિઝલના ભાવવધારાને કારણે વધુ વેગ મળે છે.પાછલાં ચાર વર્ષમાં પેટ્રોલ ક્ષેત્રમાં સરકાર નું ધોરણ દિશાહીન થયેલ છે.જૂલાઈ ૨૦૦૮ માં કાચા તેલ ની કિમત પ્રતિ બૅરલ ૧૪૭ ડૉલર હતી,તે ૬નવેંબર ૨૦૦૮ ના ૫૬ ડૉલર એટલેકે સાવ તળીયે ભાવ ગયાં છે.'પેટ્રોલ -ડિઝલના ભાવ એક અઠવાડિયામાં ઓછા કરીશું 'એ મુજબની જાહેરાત ૨૩ ઓકટોબર ૨૦૦૮ના લોકસભામાં કરીને પણ તે બાબતે સરકારે હાલ સૂધી નિર્ણય લીધેલ નથી.આમ આદમી ના નામે ચૂંટાઈ આવેલ આ સરકારને સામાન્ય માણસની તકલીફોની ખબરજ નથી.ઑગષ્ટ ૨૦૦૮ માં વિમાન માટે વાપરવામાં આવનાર ઈંધણના (એવીશન ટર્બાઇન ફયુએલ) ભાવ૭૩.૬૭ રૂ.પ્રતિ લિટર તે સમયે-સમયે ઓછા કરી ૫ નવેંબર ૨૦૦૮ ના ૪૨.૯૮ રૂ.પ્રતિ લિટર અર્થાત ૩૦.૬૯ રૂ.(૪૨ ટકા)પ્રતિ લિટર કરવામાં આવેલ છે.સામાન્ય માણસને ઉપયોગમાં આવતાં પેટ્રોલ-ડિઝલ-ગેસના ભાવો ઓછા થતાં નથી,પરંતુ શ્રીમંતો માટે વપરાશમાં આવનારા વિમાન ના ઈંધણ ના ભાવો ઘટે છે જે આંચકાદાયક છે.મોટરનું પેટ્રોલ ૫૫.૦૭ રૂ.પ્રતિ લિટર જયારેકે વિમાનનું પેટ્રોલ તેના કરતાંય સસ્તું એટલેકે ૪૨.૯૮રૂ.પ્રતિ લિટર આ અર્થશાસ્ત્ર ફકત વડાંપ્રધાન ડૉ.મનમોહન સિંહ જ સમજી શકે."

"અધુરામાં પૂરૂં રાંધણ ગેસ અને રૅશનકાર્ડ પર પ્રાપ્ત થનાર કેરોસિનની પ્રચંડ અછત નિર્માણ થઈ હોઇ અધિકારીઓની નજર સામેજ કાળાંબઝારી ની ભરમાર ચાલૂ છે.મહિલાઓને શાંતિપૂર્વક રાંધવુંએ મુશ્કેલ થયું હોઈ કુટુંબના સ્વાસ્થ્ય પર તેની અસર પડે છે.વડાંપ્રધાન વાજપેયીના કાર્યકાળમાં રાંધણ ગેસ ની ૧ કરોડ ૧૦ લાખ ગ્રાહકોની પ્રતિક્ષા યાદી સમાપ્ત કરીલગભગ ૪ કરોડ નવા જોડાણ આપીને મહિલાઓ નું સશકિતકરણ કરવામાં આવ્યું હતું.માગે તેને સિલિંડર તાત્કાલિક મળતું હતું.તે તુલનાએ આજની પરિસ્થિતી અત્યંત દયનીય થયેલ છે,"એમ પણ શ્રી રામ નાઈકે કહ્યું છે.

" પૂરક ઈંધણ તરીકે ઈથેનૉલનું ઉત્પાદન કરવામાં વાજપેયીના કાર્યકાળમાં પહેલી વખતજ પ્રારંભ થયો હતો .૨૦૦૩ માં શેરડીનું અધિક ઉત્પાદન હોય તેવા ૯ રાજયો માં પેટ્રોલમાં ઈથેનૉલ ભેળવવું બંધનકારક કરવામાં આવ્યું હતું.૨૦૦૪ ની સાલમાં બાકીના રાજયોમાં ૫ ટકા અને ૨૦૦૫ માં સંપૂર્ણ દેશભરમાં ૧૦ ટકા ઈથેનૉલ ભેળવાવાનો નિર્ણય લેવાયો હતો.પરંતુ ખેડૂતો અને દેશના હિતનો આ નિર્ણય અમલમાં ન લાવતાં લિકર લૉબીના દબાણમાં આવી જઈ વડાંપ્રધાન ડૉ.મનમોહન સિંહની સરકારે ૨૦૦૪ થી ઈથેનૉલની ખરીદી જ બંધ કરી .ઈથેનૉલ ખરીદી ની ફરી પાછી શરૂઆત કરતાં હોવાની વાતો તાજેતરમાંજ પેટ્રોલિયમ મંત્રાલયના સુત્રોએ કરી .પરંતુ દેશની દ્રષ્ટિએ મહત્વના ચાર વર્ષો વેડફાઈ ગયાં કેંદ્ર સરકારમાં મહારાષ્ટ્રમાંથી શ્રી શરદ પવાર,કૃષિ,અન્ન અને ગ્રાહક સંરક્ષણ પ્રધાન અને શ્રી મુરલી દેવરા પેટ્રોલિયમ પ્રધાન હોવા છતાંયે આવું ઘટે તે દુર્ભાગ્યભર્યું તો ખરૂં જ પણ સંતાપજનક પણ છે.૨૦૦૭-૨૦૦૮ ના આર્થિક વર્ષમાં વિદેશથી ૨,૭૨,૬૯૯ કરોડ રૂપિયા નું કાચું તેલ આયાત કરાયું.જો ઈથેનૉલ મિશ્રણનો કાર્યક્રમ ચાલૂ રખાયો હોત તો કરોડોનું વિદેશી નાણું બચ્યું હોત અને પર્યાયે શેરડી ઉત્પાદક ખેડૂતોને તેનો લાભ મળી ગ્રામીણ અર્થવ્યવસ્થા સૂધરી હોત.એ સિવાય અખાદ્ય તેલીબિયાંમાંથી મળતાં જૈવિક ઈંધન (બાયોફ્યુએલ) ના ઉત્પાદન સંબંધેની આખી પ્રક્રિયા પણ ખોરંભે ચડાવી દીધી છે." એવું પ્રતિપાદન શ્રી રામ નાઈકે કરેલ છે.

"ગ્રાહક બઝારની કિમતને આધારે કાઢવામાં આવેલો મોંઘવારી નો નિર્દેશાંક ૪ ઓકટોબર ૨૦૦૮ ના પૂરા થયેલ અઠવાડિયે ૧૧.૪૪ ટકા વધ્યો.પાચલાં સોળ વર્ષમાં સપ્ટેંબર ૨૦૦૮માં થયેલ વધારો વિક્રમી છે.એ સિવાય અર્થમંત્રી  ડૉ.પી.ચિદંબરમે ૨૦૦૮-૨૦૦૯ના બજેટમાં રાષ્ટ્રીય વિકાસનો દર (જીડીપી) ઓછામાં ઓછો ૨ આંકડામાં એટલેકે ૧૦ ટકાથીયે વધુ રહેશે એવી જાહેરાત કરી હતી.એ જાહેરાત સપનું ઠરી છે.રાષ્ટ્રીય વિકાસ નો દર ઓછો થયો હોઈ તે ૭.૭ ટકા રહેશે એવું રિઝર્વ બેંકે જ ૨૩ ઓકટોબર ૨૦૦૮ના જાહેર કરેલ છે.એનોજ અર્થ દેશમાં આર્થિક મંદી આવી છે એવો થાય છે.એક તરફ વધતી મોંઘવારી અને બીજી તરફ મંદી આની વચ્ચે સામાન્ય માણસ રીતસરનો ભરડાઈ રહ્યો હોવાથી પેટ્રોલ પ્રતિ લિટર ૫ રૂપીયે,ડિઝલ પ્રતિ લિટર ૩ રૂપિયે અને રાંધણ ગેસ પ્રતિ સિલિંડર ૫૦ રૂપીયે તાત્કાલિક ઓછા નહીં કરાય તો જનતા આગામી સમયમાં કોંગ્રેસને પાઠ ભણાવ્યા વગર રહેશે નહીં," એમ પણ શ્રી રામ નાઈકે અંતે કહ્યું છે.

**(કાર્યાલય સચિવ)**

**વિશેષ : ભાવવધારનું તુલનાત્મક પત્રક સાથે બિડેલ છે.**

# Costly Hand of Congress
## (The prices are of Mumbai. Chart prepared by Ram Naik)

| Items | Prices during BJP regime (Rs.per kg) May 2004 | Prices during Congress regime (Rs.per kg) November,2008 | Price rise (In (percentage) |
|---|---|---|---|
| Wheat | 9 | 20 | 122% |
| Rice | 10 | 22 | 120% |
| Sugar | 14 | 21 | 50% |
| Tea Powder | 80 | 160 | 100% |
| Edible Oil | 40 (per litre) | 78 (per litre) | 95% |
| Dalda | 40 | 60 | 50% |
| Moong Dal (Green beans) | 24 | 50 | 108% |
| Masoor Dal (Red lentil) | 22 | 68 | 209% |
| Gram (Chana Dal) | 25 | 42 | 68% |
| Jaggery | 14 | 34 | 143% |
| Gram flour | 20 | 48 | 140% |
| Potato | 8 | 12 | 50% |
| Onion | 6 | 16 | 167% |
| Tomato | 9 | 30 | 233% |
| Milk | 14 (per litre) | 28 (per litre) | 100% |
| Kerosene | 18 (per litre) | 35 (per litre) | 94% |
| Cooking Gas (LPG) | 244 (per cylinder) | 334 (per cylinder) | 37% |
| Petrol | 33.15 (per litre) | 55.07 (per litre) | 66% |
| Diesel | 22.50 (per litre) | 38.40 (per litre) | 71% |